નમસ્કાર ગાંધીનગર

પમરાટ

નથી નથી
કશુંય સુપથ્ય એવી સમજણ
ખળ ખળ વહ્યા કરે તનમન મહિં-
જ્યારથી આ
ત્યારથી હા
ખોટા ખોટા માણસની ખરી ખરી વાત
ઓગળીને અટકતી
જેના તટ પરે
તારણોની લાશ પછી લાશ બધી
લટકતી
જે
સ્થળ નહિ કાળ નહિ તેવી
આશા અને ભાષા મહિં બટકતી આમ:

- લાભશંકર ઠાકર

પાથેય

- રમેશ ઠક્કર

લા.ઠા.નું અજનબી અગોચર ભાવવિશ્વ...

લાભશંકર ઠાકર જેવા મૌલિક કવિ મળવા મુશ્કેલ છે..એમની શૈલી અને શબ્દચયન વિસ્મયકારક છે..મને વ્યકિતગત રીતે એમના ભાવજગત માટે અનહદ કુતૂહલ છે..કવિઓ કયારેય થોકબંધ ના હોય..લા.ઠા.જેવા એકલદોકલ જ હોય ! ના માનતા હો તો પૂછો બ.ક.ઠાકોરને ! શું કહે છે લાભશંકર નામના આ કવિ..? શ્રવણેન્દ્રિયને સાબુત રાખી સાંભળો..

'પોષાયો છું લયના અવિરત સિંચનથી..બા મારી હલકથી ગાય..ગળામાં મીઠાશ..બા પાસે ગવડાવું..

"કૂવાને કાંઠે સાંઢણી ઝેકારો માણારાજ..

મારૂં દલ મારૂં દલ રીઝે હો રાજ.."

ઝાલાવાડના ખાડાખડિયાવાળા કાચા વિષમ રસ્તાઓ પરથી ખખડ ખખડ ગાડાં જતાં હોય એમ જાનડિયું ગાતી હોય,જાણે કર્ણરસાયણથી મારૂં પોષણ કરવા..'

શબ્દના સગડ ક્યાં ક્યાં મળે છે એ જુઓ..લા.ઠા.ફરી ખીલે છે..

'શબ્દને,લયને,અર્થને,તલ્લીનતાથી પામ્યો છું શૈશવમાં કિશોરાવસ્થામાં યુવાવસ્થામાં જેમ તેમ ક્રમશઃ તિરાડો પણ એમાં સમાન્તર પડતી રહી છે..જગતની વિષમતાઓ સામે રોષની જગ્યાએ બિનંગતપણું આવતું ગયું.ચરસી લયનાં આવર્તનોમાં ચેતના એકધારી લીનતલ્લીન બની શકે એવા ગંજેરી હાલ ઈન્ટિગ્રેટેડ રહ્યા નથી. ટ્રાંકવિલાઈઝરની ટીકડી જેવા ગીતગઝલના એકધારા લય-આવર્તનની થેરપીની જરૂર નથી છટ્..'

કવિ પોતે વૈધ પણ છે..દરદ સાથે એમને સીધો પરિચય છે..શુષ્ક ઉપચારોથી એ ઉબકી જાય એ સ્વાભાવિક છે..લા.ઠા.અજાયબ અગોચર જેવા છે..આવો આગળ વધીએ. એમને જ સાંભળીએ..

'બધું અસ્પષ્ટ અને ધૂંધળું અને ગૂઢ બની રહયું છે..શબ્દની મદદથી રંગભૂમિની મદદથી ગૂઢ પ્રદેશમાં ફરતાં ફરતાં વધારે ગૂઢતાથી ઘેરાતો જાઉં છું..જો કે કાચી કેરી અને ડુંગળીના કચુંબરમાંથી જે પાણી છૂટે છે તે ગમે છે, ચાલવું,હેમખેમ છે બધું એમ તો .ઉથલી પડશે સ્વયં ઝાડ તો એમ કેમ કહી શકાય ? એક એક ખાવાની ચીજ ઉપર લખવું છે..જીવનરસ તો છીંક ખાતી વખતે પણ પ્રગટ થાય છે અને રતુમડા ગાજરને કૈડકૈડ ખાતી વખતે પણ થાય છે..એક અર્ધા સૂકાયેલા પાંદડા ઉપર કવિતા લખવી છે..

'મારી ભાષામાં કામ કરતા કવિઓના શા હાલ છે તે જાણવાનું કુતૂહલ રહે છે..આ લખું છું તે ક્ષણે અડકો દડકો એમના ત્રિપદથી મારી સમગ્ર ચેતનાને ખેંચી રહયા છે હળુહળુ અને હું ખેંચાઈ રહયો છું અગોચર આંતરિકમાં...'

લાભશંકર ઠાકર જેવા કવિ થવાય તો જ એ કવિ કહેવાય..બાકી તો એમના જ શબ્દોમાં ટોળું અવાજ ઘોંઘાટ..!

બુરા ન માનો, હોલી હૈ...

" રંગ બરસે, ભીગે ચુનરવાલિ....રંગ બરસે ..."

- આ ગીતને સાંભળીને કોઈ તરત જ રોમાંચિત થઈ જાય છે, કોઈ મીઠી યાદોમાં સરી પડે છે તો કોઈ આ સાંભળીને ધુળેટીના તહેવારની આતુરતાથી રાહ જોવા લાગે છે...
- હોળીનો તહેવાર એ આનંદ ઉલ્લાસ અને રંગોનો તહેવાર છે. એક જમાનામાં સહુના તન મનમાં આ પર્વ ઉપર ખૂબ જ ઉત્સાહ જોવા મળતો હતો. કેટલાક જુવાનિયા તો એમના મનગમતા પાત્રને લાલ ગુલાબી રંગોથી રંગવા ધુળેટીના દિવસની ખાસ રાહ જોઈ રહેતા.

- આજના સમયમાં હોળીનું પર્વ ઉજવાય છે પણ એ હોળીની રાત્રે હોળી માતાનાં દર્શન કરવા પૂરતું જ સીમીત થઈ ગયેલું જણાય છે...તો ઘણી બધી જગાએ સમાજે નિયત કરેલ ધારાધોરણ મુજબ પ્રથમ સંતાનમાં પુત્ર હોય તો એના ઘરે " ઢૂંઢ " અથવા તો " જેમ " ઉજવાય છે. પહેલી વાર જ સાસરે આવેલી નવી વહુને હોળી રમાડાય છે. ગુલાલનાં છાંટણાંથી નવી મોસમ અને નવી વહુનું સ્વાગત થાય છે...ખરેખર તો ઉનાળાની સાચી શરૂઆત હોળી પછી જ થતી હોય છે.
- ધુળેટીના દિવસે શહેરમાં કે ગામમાં ચૌદ પંદર વર્ષ સુધીનાં બાળકોમાં પરસ્પરને પિચકારીથી રંગ છાંટવાનો જબરદસ્ત ઉત્સાહ જોવા મળે છે. સવારે આઠેક વાગ્યાથી જ છોકરાઓનાં ટોળાં રંગ બે રંગી મોઢાં લઈને ભાગમ ભાગ કરતાં જોવા મળે છે....એમની ચિચિયારીઓ અને હો હા સંભળાયા જ કરે છે... --- એક વાર અમારા ગામમાં ધુળેટીના દિવસે એક બીજાને પલાળવાની એવી ધમાલ મચી કે બધાએ જુસ્સામાં કે ગુસ્સામાં આવી જઈ પરસ્પરનાં પહેરેલાં કપડાં પણ ફાડી નાખેલ એટલે એ દિવસે ગામના એક વડીલે એને " બંડીફાડ" હોળી એવું નામ આપેલું...ઘણા લોકો પરસ્પરને હોળી રમાડવા માટે એટલા બધા આતુર હોય છે કે જાણે એમને કોઈ હિસાબ ચૂક્તે કરવાનો ના હોય એમ પાણી તેમ જ રંગ ઉપરાંત કાદવ કીચડનો ઉપયોગ પણ કરી નાખે છે.....



- મારા મિત્ર ચીમન ચપટી જેવા તો ભીંજાઈ ગયેલી યુવતીઓના ટોળામાં ઘૂસ મારીને પાણી છાંટે અને લપસી પડવાનું નાટક પણ કરે જેથી કરીને કોઈ યુવતીઓ એને દયા ખાઈને બેઠો કરવા દોડી આવે તો એમના હાથનો સુંવાળો સ્પર્શ માણી લેવાની બેહુદી હરકતો પણ કરતા હોય છે.......
- કેટલાક છોકરા છોકરીઓને ધુળેટી રમવાની બહુ બીક લાગતી હોય છે એટલે એવા લોકો ઘરનાં બારણાં બંધ કરીને અંદર વાંચવા બેઠા છે એવું બહાનું કરે છે. પછી મિત્રો કે સખિઓ એને શોધતા આવી ચઢે , બારણું ખખડાવે, ધમાલ ધમાલ કરીને એને બહાર કાઢે અને એવા પલાળે કે ઘર આખામાં પાણી જ પાણી જ થઈ જાય...પેલો યુવક કે યુવતી આટલી ધમાલ કરીને છેવટે પલળે તો જ છે, એના કરતાં સીધી રીતે પહેલાંથી જ જોડાઈ જાય તો કેવું ??
- ક્યાંક ક્યાંક તો ધુળેટી રમવામાં એટલું બધું પાણી ઢોળાય છે કે ફળિયામાં કે શેરીમાં પાણીનું નાનું સરખું ખાબોચિયું જ ભરાઈ જાય અને લાગ આવે તો કોઈ છોકરા એ ખાબોચિયામાં ય એક બીજાને પાડવાની જોખમી રમત પણ શરૂ કરતા હોય છે...આમ કરવામાં કોઈને કમર પર વાગી જાય એવી શક્યતા હોવાથી એને " કમરતોડ" હોળી પણ કહેવાય છે.........
- કોઈ યુવાન હોળી રમવામાંથી છટકવા પોતે બિમાર છે એવું બહાનું કરીને ચોરસો ઓઢીને ખાટલામાં સૂઈ જાય અને પછી મમ્મીને કહી રાખે કે કોઈને આવવા દેશો નહિ, પણ ભાઈ, અહીં આ ધમાલમાં એમની વાત કોઈ માને જ નહિ ને પછી એને તો પલંગ સાથે જ પલાળી નાખે.........
- બીજી તરફ ગોઠ ઉઘરાવવા વાળા તો રંગ નાખવાની ધમકી આપીને રોકડી કરવાની પણ મઝા માણતા હોય છે...
- જો કે અત્યારે તો જે હોળી ધુળેટી જોવા મળે છે તે સાપ ગયાને લિસોટા રહ્યા જેવી જ હોય છે...અલબત્ત રાજસ્થાન તેમ જ બીજાં રાજ્યોમાં તેમ જ મોટા શહેરોમાં સૌ પોત પોતાની રીતે હોળી ધુળેટીની મઝા માણે જ છે...ધુળેટીના દિવસે આપણી ન્યુઝ ચેનલો પણ આવા ધુળેટી રમતાં યુવાન હૈયાંની તસ્વીરો દિવસ દરમિયાન અચૂક બતાવ્યા કરે છે તેને લીધે આપણને ઘરમાં બેઠાં બેઠા ધુળેટી માણવાની અનુભૂતિ અચૂક થાય જ છે.......
- આપણી ઘણી બધી હિન્દી ફિલ્મોમાં પણ હોળી અને ધુળેટીના પ્રસંગો નાં દ્રશ્ય તેમ જ ગીતો ગોઠવીને તેના નિર્માતાઓએ આપણી મઝા વધારવામાં સારું એવું યોગદાન કરેલ છે...

ચાલો, આપણે સહુ હોળી ધુળેટીને સંયમ પૂર્વક ઉજવીએ અને એક બીજા ઉપર હેતનો ગુલાલ વરસાવીએ

Mo.9898409053
- anantpatel135@yahoo.com

ગુજરાતના સૌથી ઊંચા સેવક તથા સર્વશ્રેષ્ઠ સાધકઃ રવિશંકર મહારાજ

સ્વામી આનંદ લખે છેઃ "સવારે તથા સાંજે પ્રાર્થના કરતી વખતે પુણ્યશ્લોકો નલોરાજા, પુણ્યશ્લોકો યુધિષ્ઠિરઃ સાથે જ હું પુણ્યશ્લોક રવિશંકર મહારાજનું સ્મરણ કરું છું. તેઓ ગુજરાતના સૌથી ઊંચા સેવક છે."

સ્વામી આનંદે જેમને ઉત્તમ તથા ઉમદા સેવક ગણાવ્યા તે રવિશંકર મહારાજની સ્મૃતિ શિવરાત્રીના પર્વ ઉપર અનેક લોકોને થતી હશે. શિવરાત્રીના પવિત્ર દિવસે આ શિવત્વ ધરાવતા સેવકનો જન્મ થયો હતો. સ્વામી આનંદે તેમને મુઠી ઉંચેરા માનવી' યોગ્ય રીતે કહ્યા છે. ગઈકાલ સુધી આપણી સાથે હતા તેવા રાજ વિનાના મહારાજ થકી ગુજરાતનું ગૌરવ વધ્યું છે. આપણાં ગુજરાત પ્રાંતના લોકોનું એ સદ્ભાગ્ય છે કે રાજ્યની સ્થાપના મહારાજના આશીર્વાદ સાથે ૧૯૬૦માં કરવામાં આવી હતી. મહારાજ તેમના અકિંચનપણા માટે સુવિખ્યાત હતા. પાંડુરંગ (આઠવલે) દાદાએ લખ્યું છે કે વૈરાગ્ય એટલે 'ઈદમ ન મમ' (આ મારુ નથી) એવી વૃત્તિ. આ વૃતિ મહારાજમાં સાંગોપાંગ હતી. મહારાજે માત્ર ધનની જ એષણાનો ત્યાગ કર્યો છે એટલું જ નથી. મહારાજ તો પોતાના અનેક સુકૃત્યો માટે પણ 'ઈદમ ન મમ'ની વૃતિ ધરાવે છે. પોતે કરેલા કામોનો પણ પોતાને સ્પર્શ ન થવા દેવો તેવો વૈરાગ્ય વિરલ છે. શાસ્ત્રોનો અભ્યાસ ઘણાં કરે છે પરંતુ શાસ્ત્રોની ઉત્તમ વાતો જીવનમાં યથાતય ઉતારનાર મહારાજ એ સેવકોમાં શ્રેષ્ઠ સેવક છે. મહીની કોતરોમાં જીવતા ધારાળા તથા પાટણવાડિયાઓ સરકારને ચોપડે ગુનેગાર ગણાતા હતા. મહારાજે તેમનામાં પણ મનુષ્યની સારપના અંશના દર્શન કર્યા. મહિના ભીષણ કોતરોની વચ્ચે મહારાજ વિચરતા રહ્યા. મહારાજની ગાંધી વિચારધારાને અનુરૂપ રહીને સમાજના કહેવાતા ગુનેગારોને જીવનનો સાચો માર્ગ દેખાડ્યો. મહારાજના આ અદ્વિતીય કહેવાય તેવા કામોની નોંધ મહારાજના મુખેથી સાંભળીને સમર્થ સર્જક ઝવેરચંદ મેઘાણીએ ગ્રંથસ્થ કરી. મેઘાણીએ લખેલાં તમામ પ્રસંગોમાં મહારાજ પોતે કેન્દ્રસ્થાને ન રહે તેની ખેવના તથા આગ્રહ મહારાજ રાખતા હતા તેમ મેઘાણીભાઈએ લખ્યું છે.

રવિશંકર મહારાજની જેટલી વાતો સાંભળીએ તેટલો આત્મભાવ ઉન્નત થતો રહે છે. દેશ આઝાદ થયો ત્યારબાદ ૧૯૪૮નો એક પ્રસંગ મગનભાઈ જો. પટેલ સંપાદિત પુસ્તક(સૌના દાદા)માં જોવા મળ્યો. ૧૯૪૮માં ગુજરાતના ઘણાં ભાગોમાં વરસાદની અછત રહી હતી. બનાસકાંઠા તે વખતે એક નવો જિલ્લો બન્યો હતો. આ જિલ્લામાં આમ પણ ભૂતકાળના ઘણાં વર્ષો દરમિયાન વરસાદની અછત રહેવા પામી છે. મહારાજ પરિસ્થિતિનો જાત અભ્યાસ કરવા માટે બનાસકાંઠામાં ગયા. જાણીતા શ્રેષ્ઠી કસ્તુરભાઈ પણ મહારાજની સાથે હતા. મહારાજે જોયું કે જિલ્લાના અનેક ઊંડાણના ગામોમાં પાણી-ઘાસચારો તેમજ અનાજની પણ અછત છે. ભૂખમરો થાય તેવી સ્ફોટક સ્થિતિ છે. બનાસકાંઠા જિલ્લાના રાધનપુરમાં મહારાજ હતા. મહારાજ આવ્યા છે તે સમાચાર સાંભળીને અનેક લોકો તેમને મળવા આવ્યા. લોકોએ પોતાની વ્યથાની વાતો મહારાજને સંભળાવી. સામાન્યજનની નાડ પારખનારા મહારાજ સ્થિતિની ગંભીરતા પામી ગયા. નવા જિલ્લાનું સરકારી વહીવટીતંત્ર પણ હજુ પૂરેપૂરું ગોઠવાયું ન હતું. તંત્રની પણ એક મર્યાદા હતી. દિવસે તથા મોડી રાત સુધી મહારાજને મળવા આવનારાઓનો પ્રવાહ નિરંતર ચાલતો રહ્યો. બીજા દિવસે કસ્તુરભાઈએ નિયત થયેલા કાર્યક્રમ મુજબ અમદાવાદ પાછા જવાની વાત કરી. મહારાજે કસ્તુરભાઈને જવાબ આપ્યોઃ "ગઈકાલે લોકોની મુશ્કેલીઓની વાતો સાંભળીને મારી ઊંઘ ઉડી ગઈ છે. હવે તો હું અહીં જ લોકોની વચ્ચે રહીશ." કસ્તુરભાઈના અમદાવાદ આવવાના આગ્રહ સામે મહારાજ મક્કમ રહ્યા. લોકોની સાથે જ રહીને તેમના પ્રશ્નો સમજીને સંવેદનાથી ઉકેલવા તે મહાત્મા ગાંધીનું શિક્ષણ હતું. મહારાજ તથા જુગતરામ દવે જેવા અનેક લોકોએ તે વાત સમજીને સ્વીકારી હતી. દૂર રહીને વ્યવસ્થા કરનાર વ્યવસ્થાપકો તેઓ ન હતા. તેઓ તો વેદના સહન કરનાર વર્ગના ભાગીદારો હતા. જરૂરિયાતમંદ લોકોને સહાયનું માત્ર વિતરણ કરનારા ન હતા. આવા લોકોમાં પણ જીવનનું જોમ પ્રગટાવવાના તેમના પ્રયાસો હતા. સમાજના સંપન્ન લોકોને આ કામમાં જોડવાનો તેમનો પ્રયાસ હતો. સામાન્ય લોકો ક્યારે જિલ્લા કે રાજ્યની રાજધાનીમાં જઈને રજૂઆત કરી શકે? કદાચ કરે તો પણ તેની કેટલી તથા ક્યારે નોંધ લેવામાં આવે તે પણ એક અલગ પ્રશ્ન છે. લોકોની સાથે તથા તેમની વચ્ચે રહીને જ લોકોના પ્રશ્નોનું નિવારણ કરવાની આ મહાત્મા ગાંધીની પદ્ધતિ હતી. ભાલના ગુંદી ગામમાં નવલભાઈ શાહ બેઠા હોય. મહેસાણાના અંતરિયાળ ગામમાં શંભુભાઈ યોગી બેઠા હોય. બબલભાઈ કે નાનાભાઈ ભટ્ટ પણ લોકચેતનાને પ્રગટાવીને જાગૃત રાખવાનો પ્રયાસ કરતા હોય તેવો એક વ્યાપક માહોલ હતો. પોતાને સાંભળનાર કોઈ નજીકમાં છે તેની હૈયાધારણ સામાન્ય જનને હતી. જનમાનસનું ઘડતર પણ આ ધૂળધોયા સેવકો કરતા હતા. ગઈકાલ સુધી ઝીણાભાઈ દરજી કે મણીભાઈ સંઘવી જેવા લોકો આપણી વચ્ચે હતા. આવી આખી વ્યવસ્થા લગભગ નામશેષ થવા પામી છે તેનો ઊંડો વસવસો સનત મહેતાએ અનેક સ્થળોએ કહ્યો છે અને લખ્યો છે. આમ છતાં આજે પણ કેટલાક સુખદ અપવાદો જેવી સંસ્થાઓ કાર્યરત છે. લોકોની વચ્ચે રહીને જ સેવા કરતી સેવા રૂરલ(ઝગડીયા) એ તેનું એક ઠોસ ઉદાહરણ છે. મહારાજ ભલે આપણી વચ્ચે રહ્યાં નથી. પરંતુ તેમની સેવાનું મોડેલ હંમેશા પ્રેરણા તથા બળ પુરા પડે તેવું મજબૂત છે. ગુજરાત વિદ્યાપીઠનો ગ્રામશિલ્પીનો પ્રોજેક્ટ એ પણ લોકો સાથે રહીને જ લોક ઉન્નતિનું કામ કરનારા કસાયેલા કાર્યકરો તૈયાર કરે છે. લોક જાગૃતિ તથા લોક ભાગીદારી સિવાય માત્ર સરકારના પ્રયાસો પૂર્ણ સફળતા મેળવી શકતા નથી. મહારાજનું સમગ્ર જીવન આ વાતનું એક ઉજળું ઉદાહરણ છે. રવિશંકર મહારાજની ફરી સ્મૃતિ થાય છે. મુરલી ઠાકુરની પંકિતઓ યાદ આવે છેઃ

તમે મહારાજ !
રાજ વિનાના રાજ... મહારાજ
માનવી મનના મહારાજ.
છતાં ક્યાં નથી રાજ તમારાં !
મહારાજ...શત શત પ્રણામ.

ફરીએ પણ બીજાને ન નડીએ

આપણે એર કંડિશન્ડમાંથી એકદમ જ હોટ કંડિશન વાતાવરણમાં પ્રવેશી રહ્યા છીએ. મૌસમનો અલગ મિજાજ વર્તાઈ રહ્યો છે. કુદરતની વાત છોડી, દુનિયાદારીની વાત છેડીએ તો લગ્નસરા પછી હવે એકઝામ પીરિયડ શરુ થયો છે ને એ પછી વેકેશન પડતાં પ્રવાસની મૌસમ બેસશે.

'ટૂર એન્ડ ટ્રાવેલ' ની સીઝન આવનાર છે તેથી આજે થોડી એના વિશેની વાતો કરીએ...

'ટ્રાવેલ લાઈટ....' એવું 'ડાહ્યા લોકો સમજતા હોય છે અને રેલવે તંત્ર - એરલાઈન્સ જાહેરાતમાં કહેતી પણ હોય છે કે ભાઈ ! ઓછો - હળવા લગેજ સાથે - કરો તો ઓર આનંદ આવશે.... બિનજરૂરી ભારેખમ બેગ - બિસતરાનો ભાર લઈને પ્રવાસ ન કરો. પરંતુ 'સળંગ ડાહ્યા' (દોઢ ડાહ્યા કહીએ તો પાછા જાય!!) માણસો - આપણામાંના ખણા ખરા (ને ખાસ કરીને ગુજરાતીઓ! રેલવે - વિમાન કંપનીની આ 'લેસ લગેજ, ટ્રાવેલ લાઈટ' વાળી સોનેરી સલાહને સાવ 'લાઈટલી' લેતા રહે છે.... તમે કહેશો કે એમાં આપણને શું વાંધો છે? ભેંસનાં શિંગડા ભેંસના ભારે, એમ એમનો સામાન એમને ભારે ! એ ઊંચકીને ખભો ને કમર દુખાડશે તો એમનાં દુખાડશે, કુલીને રુપિયા ચૂકવશે તો એમના ગજવામાંથી ચૂકવશે. એમાં એમનો જથ્થાબંધ સામાન આપણને શું નવડાનો ? અરે મહેરબાન, એવું હોય તો પ્રભુ એમને ને એમના સામાનને સલાતમ રાખે....

પણ સાહેબ, આવા 'ઓવર વેઈટ' પ્રવાસીઓની ભારેખમ બેઠકો ટ્રેઈનના કમ્પાઉન્મેન્ટમાં ચઢાવતાં, ગોઠવતા સર પ્રવાસીઓ પર પડે છે. બીજા પેસેન્જર્સને ઘાયલ કરે તો એમનો સામાન આપણને નડ્યો - ભારે પડ્યો. નહીં કહીએ ?



અરે, ટ્રેઈનના પાટિયા નીચે ત્રણ પેસેન્જર્સની ત્રણ બેગને બીજા નાના-મોટા ત્રણ થેલા કાયદેસર રહી શખે પણ એમાં એક જ વજનદાર (સામાનથી લથબથ) પેસેન્જર પોતાનાં જ ત્રણ પેટીઓને ચાર-છ થેલા સાથે આવી જાય ને સીટ નીચે એ બધું ફીટ કરવા મથે ત્યારે પ્રવાસના પ્રારંભે જ સામાન મૂકવાના મુદ્દે મુસાફરોમાં 'મહાભારત' જામતું જોવાનો અનુભવ છે જ ને ! જો કે પછી 'ઘીના ઠામમાં ઘી' પડ્યું રહે એમ સાંકડ માંકડ (યાને કે સામસામાં બે પાટિયા વચ્ચે પણ રાખવાની જગ્યાએ અને ઉપર સૂવાની બર્થ પર તથા વચ્ચેના અવરજવરના પેસેજમાં) બધું ગોઠવાઈ રહે, ભલેને પછી બીજા પેસેન્જર્સને કૂદકવા મારીને - કબડ્ડી - લંગડી રમતાહોય એમ એમના લગેજ માથેથી આવન જાવન કરવી પડે !!

વધુ પડતા સામાનની વાત છોડો.... ઘણા પ્રવાસે નીકળે છે પણ એમને 'ઘર' છૂટતું નથી હોતું. સારી-મોંઘી હોટેલમાં બુકીંગ કરાવ્યું હોય તો ત્યાં ઘર કરતાંય સારી સવલતો મળવાની હોય પણ એમને તો બહારજઈને ય ઘર જ જોઈતું હોયછે. જમવામાંય પોતાના 'ટેસ્ટ' નું જ પ્યોર ગુજરાતી ખાણું જ ખપતું હોય છે !! ના મળે તો એમનો ફરવાનો મૂડ ઓફ થઈ જાય.

અમે થોડા મિત્રો એક વડીલની આગેવાની હોય કેરાલા ગયા હતા. કોચીનમાં 'લંચ' ટાઈમ થતાં અમારા એ વડીલ આગેવાને પહેલા અમને બધાને કોચીનમાં ગુજરાતી જમવાનું કયા મળશે એની ઈન્કવાયરી કરવા દુકાને દુકાને - ગલીએ ગલી ફેરવ્યા ને પછી જે સરનામું મળ્યું ત્યાં પહોંચવામાં ખાસ્સા બપોરના બે વગાડ્યા અને ચલાવી ચલાવીને અમારા 'બાર વગાડી' દીધા... રમૂજ કહો કે કરમની કઠણાઈ, આટલી મજૂરી બાદ ગુજરાતી ખાવાનું આપતી એ રેસ્ટોરન્ટે અમારો સંઘ પહોંચ્યો તો જાણવા મળ્યું કે એનો તો દોઢ મહિના પહેલા પાટિયા પડી ગયાં હતા...!!! છેવટે તો સાઉન ઈન્ડિયન ડીશથી જ પેટપૂજા સંપન્ન કરવાનો વારો આવેલો.... ભલા માણસ, 'દેશ એવો વેશ' ને 'જન્મ એવું મરણ' માં આનંદ લૂંટવાનું ને ફરવાની મોજ માણવાનું ન આવડતું હોય તો ઘરમાં જ પડ્યા રહેવાનું શું ખોટું ?

ફેમિલીમાં હું તો હુતી બંનેને ફરવાનો શોખ હોય કે બંનેને ના જ હોય તો બરાબર પણ એક ને 'ટૂર' ગમતી હોય ને બીજાને 'ટૂર' ક્રૂર લાગતી હોય ત્યારે જોવા જેવો 'ખેલ' થતો હોય છે. પત્નીને પરાણે લઈને પ્રવાસે નીકળેલા પતિદેવનું પછી વાતવાતમાં આવી બનતું હોય છે. સહેજ તકલીફ પડી નથી કે મોં મચકોડીને શ્રીમતીજી બોલી ઊઠે : 'હું નહોતી કહેતી કે નથી જવું ટૂરમાં!' અને જો શોખીન વાઈફની જીદ સ્ત્રી હઠ આગળ ઝૂકી જઈ, થોડી મુશ્કેલી બડતાં પ્રવાસમાં પધારેલી હસબન્ડ હાઉ હાઉ કરી મૂકશે. 'લે, લેતી જા... બહુ લાડવા લેવા' તાને તારે.... ફર્યા વગર રહી ગઈ' તી ને !!

ટ્રેઈન કે બસના ટ્રાવેલિંગમાં જોવા મળે છે ઘણાં ફરવા નહીં ખાવા જ પ્રવાસે નીકળ્યા છે... સ્ટેશન આવ્યું નથી કોઈ ફેરિયો આવ્યો નથી કે જે હોય તે લઈને આવા ટ્રાવેલર્સ ખાવા ને પીવાના જ ...!! એમને આમ ઠેર ઠેર બિનદાસ્થ બધું મોંમાં પધરાવતા જઈને 'આફરો' આપણને ચઢી જાય... હા, કેટલાક એવા ય પ્રવાસીઓ હોય છે કે જે બહારનું પાણી પણ પરાણે પીવે...

આમાંય ખરી મજા તો સામાનમાં નાસ્તાના જમવાના ટિફિન ને ડબ્બાઓ સાથે આવેલ 'ફેમીલી' દ્વારા ભજવાતા દશ્યો માણવાની હોય છે... ગાડી ઉપડી નથી કે એ પરિવારના સૌ સભ્યો જાણે જમવાની જ રાહ જોઈ રહ્યા હોય એમ મચી પડે... પટારા ખુલે ને એમાંથી કાઢીને પ્લેટો, ચમચીઓ, પેપર નેપકિન્સ વહેંચાય. છરી-ચપ્પા, પાણીના ગ્લાસ, ચાના થર્મોસ, અથાણાંની બોટલ બધું નીકળે.... એય ને મોજથી થેપલાં, પૂરી, ખાખરાં - સુખડી, સૂકી ભાજી, દહીં-છૂંટો, કેરિયું, મેથીનો મસાલો પીરસાય ને 'જયાફત' જામે... આખો કમ્પાર્ટમેન્ટ અથાણાંની (સુ)વાસથી મધમધી (!) ઊઠે... આ પણ પ્રવાસની મોજ માણવાની એક 'સ્ટાઈલ' છે, હોં....

હવે તો 'ફલાઈટ'ની જર્ની માં પણ ઘરમાં ભાથાં ખૂલતાં ને પ્લેનમાં આગળ પાછળ બેઠેલા પરસ્પર તમને થેપલાં મોકલું? અથાણું જોઈએ છે ? અથાણું જોઈએ છે ? મરચાં મોળા છે, લો....' એવા મોટેથી ચાલતા સંવાદો સાંભળવા મળે છે.... મેરા ભારત મહાન!!

બાકી એક વાત નક્કી છે કે મુસાફરી હોય કે જીવનયાત્રા.... જેને છોડતાં ને સાવ ઓછાથી ચલાવી લેતાં આવડી જાય, દંભ-અહંકાર-ઈર્ષ્યા, પૂર્વગ્રહો એ બધા 'લગેજ' ના ભાર વિના રહેતા આવડી જાય એને માટે જીવનપથ પરથી સફર સહેલી ને સફળ બની જ રહે એટલું નક્કી.

સૌંદર્ય અને સંસ્કારનો સમન્વય

આઠમી માર્ચ, વિશ્વ મહિલા દિવસ છે. ત્યારે, પ્રાચીન ભારતની આ સુંદર અને સંસ્કારી નારીને ભાંવાજલિ.

(૧) એનું નામ ધ્રુવા હતું. પુરું નામ ધ્રુવસ્વામિની. એનામાં સુંદરતા અને સુશીલતાનો અદ્ભુત સમન્વય હતો. લોકો એને ધ્રુવાદેવ જ કહે. એ બિહારના ચંપાવતી નગરની રાજકન્યા હતી.

(૨) મગધ રાજયનું પાટનગર પાટલિપુત્ર હતું. અહીં ચક્રવર્તી સમ્રાટ સમુદ્રગુપ્તનું શાસન હતું. એનો પ્રભાવ ભારે, ચંપાવતીની રાજાએ, આ જોઈને, ધ્રુવાનાં લગ્ન ત્યાંના યુવરાજ રામગુપ્ત સાથે કર્યા, ધ્રુવા પરણીને આવી ત્યારે એને ખબર પડી કે રામગુપ્ત તો ડરપોક છે અને નપુંસક છે. પરંતુ એનો નાનો ભપાઈ ચંદ્રગુપ્ત સાહસી અને પરાક્રમી છે. ધ્રુવા અને ચંદ્રગુપ્ત બંને એકબીજા માટે અપ્રગટ રીતે પ્રેમ અનુભવતા. સમુદ્રગુપ્તનું અવસાન થયું. (ઈ. સ. ૩૭૧) એટલે રામગુપ્ત ગાદીએ બેઠો.

(૩) હિમાલયની તળેટીમાં અલમોડામાં કાર્તિકેયનગર હતું. ત્યાં શક જાતિનો રાજા હતો. દેવપુત્ર શાહિ શાહાનું શાહી. એ સમુદ્રગુપ્તનો માંડલિક રાજા હતો. એની પાસે ધ્રુવાના સૌંદર્ય અને સંસ્કારની ખ્યાતિ પહોંચી હતી.એણે જોયું કે 'હવે સમુદ્રગુપ્ત નથી, અને રામગુપ્ત તો કાયર, ડરપોક અને નાહિંમત છે. ' એટલે એણે, સીધેસીધું ઓચિતું, પાટલિપુત્ર ઉપર આક્રમણ જ કરી નાખ્યું. ઘેરાબંધી સખત કરી નાખી. એક મહિનો વીતી ગયો. પ્રજા હેરાન પરેશાન થઈ ગઈ. બહારથી આવતા, દાણોપાણી બંધ થઈ ગયા. રામગુપ્ત તો કાંઈ લડવાનો નહોતો. એણે સફેદ ધજા ફરકાવી દીધી. સંધિ માટે કહેણ મોકલ્યું. શકરાજે સંધિ માટે પ્રસ્તાવ મૂક્યો. 'હું ઘેરાબંધી ઉઠાવી લઉં, પરંતુ તમારે ધ્રુવા મને આપી દેવાની. રામગુપ્ત મારો માંડલિક રાજા બનશે.'



(૪) રામગુપ્તે આ પ્રસ્તાવ સ્વીકારી પણ લીધો! ધ્રુવા સમસમી ઊઠી. 'હું કાંઈ બિકાઉ જણસ છું?' ચંદ્રગુપ્તને પણ ગમ્યું ન હતું. ધ્રુવાએ એને એકાન્તમાં બોલાવ્યો. બંનેએ કાવતરું ઘડી નાખ્યું. ધ્રુવાએ શકરાજને પત્ર લખ્યો. હું પણ તમારા પ્રેમમાં છું. હું ચોક્કસ આવું. મારી સાથે મારી એકવીસ સખીઓ હશે. પણ મારી તીવ્ર ઈચ્છા તમને એકાન્તમાં મળવાની છે.

(૫) પત્ર મળતાં, શકરાજ રાજીનો રેડ ! અને ખરેખર ધ્રુવા સખીઓ સાથે આવી. શકરાજ પોતાની છાવણીમાં એકલો હતો. એણે ધ્રુવાને પ્રેમથી આલિંગન આપ્યું. ત્યાં તો એના પેટમાં કટાર ભોંકાણી. એ ધ્રુવા ન હતી. ધ્રુવાના વેશમાં ચંદ્રગુપ્ત હતો! શકરાજની હત્યા થઈ. ઓચિંતા એકવીસ સ્ત્રીવેશમાં રહેતા,ચુનંદા સૈનિકો પ્રગટ થયા. શકરાજનો ભૂંડો પરાજય થયો !

(૬) પ્રજા એ ધ્રુવા અને ચંદ્રગુપ્તનો જયજયકાર કર્યો, રામગુપ્તને ફિટકાર આપ્યો. રામગુપ્તને ચંદ્રગુપ્ત માટે ઈર્ષ્યા અને ખટરાગ થયા. એ એને મારી નાખવાની વિચારમાં હતો. ઓચિંતો, ચંદ્રગુપ્તને પાગલપણાનો હુમલો થયો. માત્ર ધ્રુવા જાણતી હતી કે, આ પાગલપણું બનાવટી છે. રામગુપ્ત હવે નિશ્ચિંત હતો. પાગલપણાના આવેશમાં ચંદ્રગુપ્તે, રામગુપ્તની હત્યા કરી નાખી. (ઈ.સ.૩૭૪)

(૭) રાજપુરોહિત યાજ્ઞવલ્ક્ય હતા. એમણે ધ્રુવાને, ચંદ્રગુપ્ત સાથેનાં લગ્નને માન્યતા આપી. પ્રજાજનોએ હોંશ માય નહિ. ધ્રુવાનો જય ! મહારાજ ચંદ્રગુપ્તનો જય જય !